## કોબાના જૈન દેરાસર સામે ફ્લેટની સ્કિમ મુકાવી

# બિલ્ડર સાથે ૧૪ કરોડની છેતરપિંડી

### ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને તેના પરિવારના સભ્યો સહિત છ શખ્સો સામે ગુનો દાખલ : એસઓજીને તપાસ સોંપાઈ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર નજીક કોબા પાસે જૈન દેરાસરની સામે જમીન ધરાવતા ન્યૂ સી.જી.રોડના બિલ્ડર અને કેટલાક શખ્સોએ મળીને ફ્લેટની સ્કિમ ઊભી કરવા પ્રેરીને મોટી લાલચ આપી હતી. ત્યારબાદ આ જ રેસિડેન્સીમાં ભાગીદાર બની જઈને ઇડર સાથે ૧૪ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરી હોવાની પોલીસ ફરિયાદ ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી છે. એક ચાર્ટડ એકાઉન્ટન્ટ તથા તેના પરિવારના સભ્યો સહિત છ શખ્સો સામે ગુનો દાખલ થવા પામ્યો છે. ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ આ ગુનાની તપાસ ગાંધીનગર એસઓજીને સોંપવામાં આવી છે.

મળતી માહિતી મુજબ મૂળ અંબાપુર ગામના વતની અને હાલ ન્યૂ સી.જી.રોડ વિસ્તારમાં રહેતા ભુપેન્દ્રકુમાર રમણલાલ પટેલ બિલ્ડીંગ કન્સ્ટ્રક્શનના વ્યવસાય સાથે સંકળાયેલા છે. કોબા જૈન દેરાસરની સામે તેમની ૯૩૮ ચોરસ મીટર જમીન પણ આવેલી છે. બિલ્ડર ભુપેન્દ્રકુમાર પટેલે ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનમાં તેમની સાથે થયેલી રૂપિયા ૧૪ કરોડની છેતરપિંડીની ફરિયાદ નોંધાવતા ચકચાર મચી જવા પામી છે. તેમણે નોંધાવેલી ફરિયાદ મુજબ એમની કોબા ગામની જૈન દેરાસર સામેની જમીન પર ફ્લેટની સ્કિમ મૂકવા એક દલાલ મારફતે અમદાવાદમાં રહેતાં ચાર્ટડ એકાઉન્ટન્ટ કુંજલ ચંદ્રકાન્ત મહેતા સાથે તેમને પરિચય થયો હતો. ભુપેન્દ્રભાઈની આ જમીન જૈન દેરાસરની નજીક હોવાથી જૈનો માટેની વસાહત ઉભી કરવા માંગીએ છીએ તેવું કહી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કુંજલે જાણીતા જ્યોતિષાચાર્ય પ્રિતેશકુમાર અશોકભાઈ શાહ સાથે પણ બેઠક કરાવી હતી. તેમની પાસે ૭૦૦ ફ્લેટના વેચાણની યાદી તૈયાર છે જેમાં જૈનોનું મોટું ટ્રસ્ટ છે જે દરેક ફ્લેટ ખરીદનારને રૂપિયા ૧૫ લાખની સહાય આપનાર છે અને ફ્લેટના બાકીના રૂપિયા ગ્રાહક જાતે ભરશે તેમ કહીને ભુપેન્દ્ર ભાઈને કહેવામાં આવ્યું હતું કે તમારે માત્ર ડેવલોપમેન્ટ કરવાનું રહેશે. બુકિંગથી માંડીને તમામ આર્થિક જવાબદારી અમારી રહેશે પરંતુ તેના મહેનતાણા પેટે રૂપિયા એક કરોડ ભુપેન્દ્રભાઈ આપવાના રહેશે. ૨૦૧૦ થી શરૂ કરવામાં આવેલી આ ગેમ કાવતરૂ હોવાનું બહાર આવ્યું છે. ચાર્ટડ એકાઉન્ટન્ટ કુંજલના વિશ્વાસમાં આવીને રાજલબ્ધી નામથી ફ્લેટની શરૂ કરવામાં આવી ત્યારબાદ બિલ્ડરને વિશ્વાસમાં લઈ ચાર્ટડ એકાઉન્ટન્ટ કુંજલ આ જ કંપનીમાં ભાગીદાર પણ બની ગયો. ફ્લેટનુ કામ શરૂ કર્યા બાદ કુંજલ પાસે રૂપિયા માગ્યા ત્યારે તેણે કહી દીધું કે આવા કોઈ ગ્રાહકો નથી કે તેમના પંદર-પંદર લાખ રૂપિયા નથી. ત્યારબાદ કુંજલે ખાતરી આપી કે પોતે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ હોવાથી જૈન સમાજમાં ત્યાંની સારી ઓળખાણ છે અને લોન અપાવીને સ્કીમ પૂરી કરાવી દેશે. કુંજલે ૬૮ ફ્લેટ બુક કરાવી આપ્યા હતા અને વહીવટ પણ તે અને તેના પરિવારના સભ્યો જ સંભાળતા હતા. ૧૧૬ મકાનનું બુકિંગ થયું હતું પરંતુ તેમાંથી કોઈ રૂપિયા બિલ્ડર ભુપેન્દ્રભાઈ સુધી પહોંચતા હતા. છ શખ્સોએ મળીને બિલ્ડરને ૧૪ કરોડ રૂપિયાનો ચૂનો લગાવ્યો હોવાનું બહાર આવ્યું છે જે અનુસંધાને બિલ્ડર ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કુંજલ ચંદ્રકાન્ત મહેતા તેના પિતા ચંદ્રકાન્ત કાંતિલાલ મહેતા કુંજલની પત્ની સજની મહેતા તથા તેની પિતરાઈ બહેન હેલી શશિકાંત મહેતા અને તેનો મિત્ર રિતેશ દિલીપ કોટક તથા દિલીપ નાથુ જૈન મળી છ શખ્સો સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે. વર્ષ ૨૦૧૦થી આજ દિન સુધી છેતરપિંડી કરવાના ઈરાદે ગુનાહિત કાવતરું રચી કંપનીના કોરા લેટરપેડ, રીસીપ્ટ બુક, સહીવાળા કોરા ચેક તથા કોમ્પ્યુટર, પ્રિન્ટર, સ્કેનર, ફેક્સ તથા હિસાબી ચોપડાઓ જે કુંજલ મહેતાના કબજામાં હતા જેથી ખોટા દસ્તાવેજી પુરાવા ઊભા કરીને કંપનીના કર્મચારી ન હોય તેવી વ્યક્તિના નામે તેમની સહીથી ખોટી રીતે જ રીસીપ્ટ ઊભી કરીને ફ્લેટના ૧૨ કરોડ રૂપિયા તથા અન્ય કંપનીઓમાં ટ્રાન્સફર કરેલા રૂપિયા બે કરોડ મળી કુલ રૂપિયા ૧૪ કરોડની છેતરપિંડી કરી હોવાની ફરિયાદ મામલે એસ.ઓ.જી.એ તપાસ શરૂ કરી છે.

### મુખ્ય સૂત્રધાર ચાર્ટર્ડ એકાઉન્ટન્ટના પિતાની ધરપકડ

રૂપિયા ૧૪ કરોડની નોંધાયેલી છેતરપિંડીના પ્રકરણમાં સમગ્ર તપાસ ગાંધીનગર એસઓજી પી.આઈ. પરેશ સોલંકીએ શરુ કરી છે. ગાંધીનગર એસઓજીની ટીમે આ ગુનાના મુખ્ય સૂત્રધારના પિતા આરોપી ચંદ્રકાંત કાંતિલાલ મહેતા નામના શખ્સની ગઈ મોડી સાંજે ધરપકડ કરી લીધી હતી. ગુનાના પુરાવાઓ એકત્ર કરવા આરોપીના રિમાન્ડ મેળવવા એસઓજીની ટીમે તજવીજ શરૂ કરી છે. તો બીજી તરફ અન્ય ફરાર પાંચ આરોપીઓ સુધી પહોંચવા પણ એસઓજીની ટીમે કવાયત શરૂ કરી છે. જો કે અન્ય આરોપીઓ આ ફરિયાદ નોંધાતાં જ અંડરગ્રાઉન્ડ થઈ ગયા હોવાનું જાણવા મળ્યું છે.



## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



સાહેબ... તમારી પાસે ખોટી માહિતી છે અમે હવે લાંચ બીટ કોઈથી લેવાનું નથી ચાલું કર્યું...!!

## સ્કૂલ સ્ટેશનરી બજારમાં ભાવવધારાથી મંદી

### બજાર આ વખતે ૧૦ ટકાથી ૧૫ ટકાના ગ્રોથ સાથે ચાલશે : બાળકો માટે આ વર્ષે સ્કૂલબેગ અને વોટરબોટલ્સમાં અવનવી વેરાયટીસ આવી છે. જેમાં બ્લુટુથવાળી મ્યુઝીકલ વોટરબોટલ બાળકોને આકર્ષિત કરશે : વિમલ કોઠારી (વેપારી)

ગાંધીનગર, તા.૮

શાળાઓમાં નવુ સત્ર શરૂ થવાની તૈયારીમાં છે ત્યારે સ્કૂલ સ્ટેશનરી બજારના વેપારીઓ સક્રીય થઈ ચૂક્યા છે. બજારમાં અવનવી વેરાયટીની સ્કૂલબેગ, વોટરબોટલ તથા લંચબોક્સ જોવા મળી રહ્યા છે. પરંતુ દરેક ચીજવસ્તુઓ પર મોંઘવારીનું ગ્રહણ લાગી ગયું હોય તેવું દેખાઈ રહ્યું છે. મધ્યમ વર્ગના વાલીઓ માટે બાળકોની શાળાની ચીજવસ્તુઓની ખરીદી કરવી અઘરી થઈ રહી છે.

શાળાના બાળકો માટે સ્કૂલબેગમાં સુપરહિરોઝ, મિનીયન્સ, સ્પાઈડરમેન, એવેન્જર્સના પાત્રોવાળી બેગસ જોવા મળી રહી છે. આ ઉપરાંત બ્રાન્ડેડ બેગ્સ જેવી કે વાઈલ્ડ ક્રાફટ, સ્કાઈ બેગ્સ તથા અમેરિકન ટુરિસ્ટર જેવી બેગ્સ પણ પ્રચલિત થઈ રહી છે. ભણતરના ભાર વચ્ચે બાળકો હવે લાઈટ વેઈટ બેગ્સ વધુ પસંદ કરી રહ્યા છે. બજારમાં ૧૦૦ રૂપિયાથી માંડીને ૩૦૦૦ રૂપિયા સુધી બેગ્સ વેચાતી મળી રહી છે.

બાળકો માટે વોટરબોટલમાં સ્ટીલની બોટલ વાપરવાનો ક્રેઝ વધ્યો છે ત્યારે મિલ્ટનની બ્લુટુથથી સંગીત વગાડી શકાય તેવી અને ઢાંકણામાં સ્પીકરવાળી સ્ટીલની બોટલ ખાસ આકર્ષણ જમાવશે. આ પ્રકારની બોટલ બજારમાં ૧૬૦૦ રૂપિયાની કિંમતે મળે છે. જેમાં ૯૦૦ મિલી પાણી સમાવી શકાય. બજારમાં પ્લાસ્ટિકની વોટરબોટલ ૪૦ રૂ. થી ૧૦૦૦ રૂ.ની કિંમતે મળે છે. જ્યારે સ્ટીલની બોટલ ૪૦૦ રૂ. થી ૧૦૦૦ રૂ.ની કિંમતે મળે છે. વોટરબોટલમાં સ્ટીલ ઉપરાંત સિપરબોટલ્સ પણ બાળકોને આકર્ષે છે. પ્રાથમિક કક્ષાના બાળકો કાર્ટૂન કેરેક્ટર્સવાળી બોટલ્સ લેવાનું વધુ પસંદ કરે છે. દોરીવાળી ગળામાં લટકાવી શકાય તેવી વોટરબોટલ હવે નહીવત્ જોવા મળે છે.



સ્કૂલ સ્ટેશનરીમાં લંચબોક્સની વાત કરીએ તો ૫૦ રૂ. થી માંડીને ૬૦૦ રૂ. સુધીના ડબ્બા બજારમાં ઉપલબ્ધ છે. લંચબોક્સમાં પ્લાસ્ટિક ઉપરાંત સ્ટીલના ઈન્સ્યુલેટેડ અને લીકપ્રુફ ડબ્બા બાળકો વધુ પસંદ કરતાં થયા છે. જી.એસ.ટી.ને પગલે બાળકોના સ્કૂલબેગ્સ, લંચબોક્સ અને વોટરબોટલના ભાવમાં પણ વધારો જોવા મળી રહ્યો છે. ભાવવધારાની સૌથી વધુ અસર ફક્ત મધ્યમવર્ગના નાગરિકો પર જોવા મળે છે. શાળાઓમાં ફી વધારાની સાથોસાથ ચીજવસ્તુઓમાં વધી રહેલી મોંઘવારી વાલીઓ માટે ખૂબ જ કષ્ટદાયી છે.

**બજારમાં ૧૦ ટકા મોંઘવારીનું પ્રમાણ વધ્યું છે તેમજ અત્યારે કામચલાઉ મંદી જોવા મળી રહી છે. આગામી દિવસોમાં વાલીઓનો ધસારો વધશે : યોગેશ જૈન (વેપારી)**

## વર્ષોથી ચાલતી વડનગર કૃષ્ણનગર બસ બંધ કરાઈ

ગાંધીનગર, તા.૮

દેશન વડાપ્રધાન માદરે વતન વડનગરથી વહેલી સવારે ઉપડતી બસ અમદાવાદના કૃષ્ણનગર વચ્ચે દિવસ દરમિયાન ચાર શિડયુલમાં ચાલતી હતી. જે તાજેતરમાં એકાએક બંધ કરી દેવાઈ છે. સારી એવી આવક ધરાવતી અને મુસાફરોથી ખીચોખીચ રહેતી આ બસ બંધ થતા માર્ગ વચ્ચે આવતા અનેક ગામોના મુસાફરો હેરાન પરેશાન થઈ ગયા છે અને તેમનું ટાઈમ મેનેજમેન્ટ ખોરવાઈ ગયું છે. જો કે વડનગર ડેપો મેનેજર આ અંગે યોગ્ય ઉકેલ સાથે રૂટ પુનઃ શરુ થાય તેવા પ્રયાસોમાં સક્રીય બન્યા છે.

મળેલ વિગતો મુજબ વર્ષોથી કાર્યરત વડનગરથી કૃષ્ણનગર એસ.ટી. બસનો રૂટ હમણાથી બંધ કરી દવાયો છે. વડનગરથી વહેલી સવારે ૬.૩૦ થી શરુ કરીને દિવસ દરમિયાન કુલ ચાર વખત આ બસ આંટાફેરા કરતી હતી જેમાં ખુબ મોટી સંખ્યામાં મુસાફરો મુસાફરી કરી સમય મુજબ પોતાની કામગીરી કરી શકતા હતા. આ બસની આવક પણ અન્ય બસના રૂટ કરતા સર્વોચ્ચ હતી. પરંતુ અચાનક જ આ રૂટ બંધ થઈ જતા વડનગર, વિજાપુર, લાડોલ, સરદારપુર, પેથાપુર, ગાંધીનગર, લોદરા વગેરે અનેક ગામ અને શહેરોના મુસાફરો રઝળી પડયા છે. આ રૂટને પુનઃ ચાલુ કરાવવા પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે.



## કલોલ પ્રાથમિક શાળા નં. ૩નું પ્રાથમિક શાળા નં. ૬ સાથે એકીકરણ કરાયું : શિક્ષણ સમિતિનો નિર્ણય

ગાંધીનગર, તા.૮

કલોલ શહેરની પ્રાથમિક શાળા નં.૩ને પ્રાથમિક શાળા નં. ૬ સાથે મર્જ કરી દેવાનો નિર્ણય જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા કરવામાં આવ્યો છે. જેનો અમલ આગામી શૈક્ષણિક સત્રથી શરૂ થશે.

જિલ્લા શિક્ષણ સમિતિએ આ નિર્ણયને ૧૭ એપ્રિલની બેઠકમાં કર્યો હતો અને હવે બે દિવસ બાદ જયારે નવું શૈક્ષણિક સત્ર શરુ થઈ રહ્યું છે ત્યારે તેનો અમલ થશે. આ બંને શાળાઓ એક જ કમ્પાઉન્ડમાં પાળી પધ્ધતિથી ચાલતી હતી. જેમાં પ્રાથમિક શાળા નં.૩માં બાળકોની સંખ્યા ૨૬૭ નોંધાયેલી હતી જયારે પ્રાથમિક શાળા નં.૬માં ૩૩૮ નોંધાયેલી હતી. બાળકોનું શૈક્ષણિક કાર્ય બગડે નહિ તથા ભૌતિક સુવિધા શૈક્ષણિક સુવિધાઓને હિતમાં રાખી એસ.એમ.સી. સભ્યોની સહમતિ સાથે સરકારશ્રીના હિતમાં આ નિર્ણય કર્યો છે. જિલ્લામાં નવા શૈક્ષણિક સત્રથી બે શાળાઓનું એકત્રીકરણ કરવાના આ મહત્વના નિર્ણયથી વાલીઓ, વિદ્યાર્થીઓમાં પણ ખુશીનો માહોલ છવાયો છે.

## કલોલ નગરપાલિકાના ૮.૧૮ કરોડના વિવિધ વિકાસકામોનું લોકાર્પણ

નાયબ મુખ્ય મંત્રી શ્રી નીતિનભાઇ પટેલ જણાવ્યું છે કે, સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના અમલમાં મૂકીને રાજયના મહાનગરો અને નગરોના વિકાસ માટે રાજય સરકારે વિવિધ વિકાસકામો હાથ ધરીને શહેરીજનોની આંતરમાળખાકીય સુવિધાઓમાં અનેક ધણો વધારો કર્યો છે. કલોલ નગરપાલિકા દ્વારા ૬.૯૦ કરોડના ખર્ચે ટાઉનહોલ, ૧.૧૨ કરોડના ખર્ચે નવીન ફાયર સ્ટેશન, રૂ.૧૬ લાખના ખર્ચે ડાૅ. બી.આર. આંબેડકર આરોગ્ય સંકુલનું લોકાર્પણ અને ૩૦ કરોડના ખર્ચે નિર્માણ પામનાર ૨૩.૫૦ એમ.એલ.ડી. સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું ખાત મૂર્હત કર્યાબાદ નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કલોલ શહેરની મધ્યમમાં આધુનિક સુવિધાઓ સાથે સજ્જ સુંદર ટાઉનહોલની સુવિધા પ્રાપ્ત થતાં નગરજનોને તથા અન્ય સંસ્થાઓને ઉપયોગી એવી સારી સગવડ ઉપલબ્ધ થઈ છે.

## ચાંદખેડામાં ભેખડ ધસી પડતાં ત્રણ શ્રમજીવીઓના કરૂણ મોત

### સ્પંદન હાઇટ્સ સ્કીમના કામ વેળા ભેખડ ધરાશાયી : ગંભીર ઘાયલ અન્ય એક હોસ્પિટલ ખાતે સારવાર હેઠળ દાખલ : બિલ્ડરની ચૂક જણાશે તો ફરિયાદ દાખલ કરાશે

અમદાવાદ,તા. ૮

શહેરના ચાંદખેડા વિસ્તારમાં સ્પંદન હાઈટ્સ સાઈટ પર આજે અચાનક ભેખડ ધસી પડતા ઘટનાસ્થળે કામ કરી રહેલા શ્રમજીવીઓ સહિત કુલ ૪ લોકો દટાઈ ગયા હતા, જેમાં ત્રણ શ્રમિકોના કરૂણ મોત નીપજયા હતા. બનાવને પગલે સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઇ હતી તો બીજીબાજુ, ત્રણ શ્રમજીવીઓના કરૂણ મોતને લઈ ભારે અરેરાટીની લાગણી ફેલાઇ ગઇ હતી.

આ ઘટનામાં ગંભીર રીતે ઘાયલ અન્ય એકને નજીકની હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવી હતી. બીજીબાજુ, ઘટનાની જાણ થતાં ચાંદખેડા પોલીસે પણ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી જઇ સમગ્ર બનાવ અંગે જરૂરી તપાસ હાથ ધરી હતી. ચોંકાવનારી વાત તો એ હતી કે, બિલ્ડર કે કોન્ટ્રાકટરે આ ઘટનાને લઇ પોતાની જવાબદારી સ્વીકારવામાંથી હાથ ઉંચા કરી દીધા હતા. બિલ્ડરના માણસો તો, ઘટનાસ્થળેથી ગાડીમાં બેસીને નફફટાઈપૂર્વક ભાગી ગયા હતા, જયારે બિલ્ડર સુરેશ શાહે ઘટના અંગે પોતાના કોન્ટ્રાકટર પર જવાબદારી ઢોળવાનો પ્રયાસ કર્યો હતો. પ્રઆ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, શહેરના ચાંદખેડા વિસ્તારમાં સ્પંદન હાઈટ્સ સ્કીનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે જયાં આજે સવારના લગભગ ૧૦ વાગ્યાની આસપાસ અચાનક માટીની મોટી ભેખડ ધસી પડી હતી. અચાનક જ ભેખડ ધસી પડતાં સાઈટ પર કામ કરી રહેલા ચાર જેટલા શ્રમજીવીઓ તેમાં દટાઈ ગયા હતા. ઘટનાસ્થળે હાજર અન્ય લોકોએ તાત્કાલિક તેઓને બચાવવાના પ્રયાસ કર્યા હતા અને બીજીબાજુ તાત્કાલિક ફાયરબ્રિગેડ અને પોલીસમાં જાણ કરી હતી.

જો કે, બચાવ કામગીરી હાથ ધરાય તે પહેલાં જ ભેખડમાં દટાઈ જવાના કારણે ત્રણ શ્રમજીવીઓના તો ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજયા હતા, જયારે અન્ય એકને ગંભીર રીતે ઈજા પહોંચી હોવાથી તેને તાત્કાલિક હોસ્પિટલમાં સારવાર અર્થે દાખલ કરાયો હતો. દરમ્યાન ફાયબ્રિગેડના જવાનો સહિત તંત્રના માણસો દ્વારા ત્રણ શ્રમજીવીઓના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં ચાંદખેડા પોલીસનો સ્ટાફ અને કાફલો પણ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે હૈયાધારણ આપી હતી કે, જો આ સમગ્ર મામલામાં બિલ્ડરની ભૂલ હશે તો તેની સામે ફરિયાદ દાખલ કરવામાં આવશે. પોલીસ તેની રીતે કાયદેસર અને તટસ્થ તપાસ હાથ ધરશે.

